# ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય વિશે

૧. નીચેનામાંથી કોણ ગઝલકાર નથી ?
(A) મનહર મોદી (B) ચિનુ મોદી **(C) ઉમાશંકર જોશી** (D) બરકત વીરાણી

૨. "સાત પગલાં આકાશમાં" જેવી માતબર નવલકથાનાં લેખિકા...
(A) ઈલા આરબ મહેતા **(B) કુંદનિકા કાપડિયા** (C) સરોજ પાઠક (D) વર્ષા અડાલજા

૩. 'મારે પણ એક ઘર હોય !' નવલનાં લેખિકા ...
**(A) વર્ષા અડાલજા** (B) ધીરુબેન પટેલ (C) સરોજ પાઠક (D) બિન્દુ ભટ્ટ

૪. પુરસ્કૃત કૃતિ 'આગંતુક' નાં લેખિકા તે ...
(A) બિન્દુ ભટ્ટ (B) હિમાંશી શેલત (C) વર્ષા અડાલજા **(D) ધીરુબેન પટેલ**

૫. લેખિકા બિન્દુ ભટ્ટની કઈ કૃતિ પુરસ્કૃત થઈ છે ?
**(A) અખેપાતર** (B) બાંધણી (C) જાળિયું (D) બાપાની પીંપર

૬. 'ઈર્શાદગઢ' કોની કૃતિ છે ?
(A) આદિલ મનસૂરી **(B) અમૃતા પટેલ** (C) અમૃત ઘાયલ (D) રઘુવીર ચૌધરી

૭. રઘુવીર ચૌધરીની કૃતિ 'સહરાની ભવ્યતા'નુ સ્વરૂપ ?
(A) ચરિત્રલેખો **(B) નવલકથા** (C) લલિત નિબંધ (D) વાર્તાસંગ્રહ

૮. શ્રી સુરેશ દલાલ કાવ્ય સર્જન માટેનું કયું સામયિક ચલાવે છે ?
**(A) કવિતા** (B) ગઝલ (C) ગઝલવિશ્વ (D) સંસ્કૃતિ

૯. 'રામાયણનાં પાત્રો' પુસ્તકના લેખક કોણ ?
(A) દર્શક (B) ગિજુભાઈ **(C) નાનાભાઈ ભટ્ટ** (D) ઈશ્વર પેટલીકર

૧૦. ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલ મહિલા કોણ ?
**(A) પ્રીતિસેન ગુપ્તા** (B) સુચિતે કૃપાલાની (C) વિદ્યાગૌરી નીલકંઠ (D) મીરાં કુમાર

૧૧. 'પ્રેયસી' એટલે ?
(A) માતા **(B) પ્રેમિકા** (C) માસી (D) પત્ની

૧૨. નીચેનાંમાંથી વિધાનમાંથી કયું વિધાન નર્મદ સાથે સુસંગત નથી ?
(A) નર્મદે પ્રકૃતિ, સ્વદેશભક્તિ, શૌર્ય, સમાજસુધારાને લગતાં અનેક કાવ્યો લખ્યાં છે.
(B) 'નર્મકોશ' ગુજરાતી કોશસાહિત્યનો પહેલો મહત્ત્વનો ગ્રંથ છે.
(C) નર્મદે નવી શૈલીનાં કાવ્યો વ્યાપક પ્રમાણમાં લખ્યાં છે.
(D) નર્મદે 'મિથ્યાભિમાન' નામે નાટક લખ્યું છે
**(A) પ્રથમ ૩ વિધાનો સાચાં છે**
(B) માત્ર ૪થું વિધાન સાચું છે
(C) બીજું અને ત્રીજું સાચું છે
(D) ચારેય વિધાનો સાચાં છે

માધવ પ્રકાશન

૧૩. નીચેની કાવ્યપંક્તિમાં રેખાંકિત શબ્દનો અર્થ શોધીને લખો.
ભણીગણી જન **પુખ્ત** વિચારે, પાયો નાખે મજબૂત
(A) સગીર **(B) પાકટ** (C) પહોચેલું (D) પહોળું
૧૪. 'વસંતોત્સવ' - કયા કવિનો કાવ્યસંગ્રહ છે
(A) નવલરામ (B) નર્મદ (C) દલપતરામ **(D) ન્હાનાલાલ**
૧૫. કવિ ન્હાનાલાલ રચિત 'ઈન્દુકુમાર, જયાજયન્ત' અને 'વિશ્વગીતા' કૃતિઓનું સ્વરૂપ ...
(A) કવિતાનું છે (B) દીર્ઘ કવિતા છે **(C) નાટકો છે** (D) પદ્ય વાર્તા છે
૧૬. નીચેનામાંથી કયું પુસ્તક જ્યોતીન્દ્ર દવેનું નથી ?
(A) હાસ્ય તરંગ (B) રેતીની રોટલી (C) મારી નોંધપોથી **(D) મગનું નામ મરી**
૧૭. નીચેનું વાક્ય વાંચી એમાંના અધોરેખિત પદને મળતો આવતો શબ્દ શોધો
'અરે હા, તે જ દિવસે મેં કોઈને **પોરવી દીધી** !'
(A) સોંપી દીધી (B) આપી દીધી **(C) પધરાવી દીધી** (D) આ પૈકી એક પણ નહિ
૧૮. ચં.ચી.મહેતાના ગઠરિયાં શ્રેણીનાં પુસ્તકો .... છે
(A) નાટકો (B) એકાંકી (C) કાવ્ય **(D) આત્મવૃત્તાંત**
૧૯. 'તેની પાસે સારો **ઓદ્ધો** છે' વાક્યમાંના અધોરેખિત પદનો અર્થ ... છે
(A) યોદ્ધો **(B) હોદ્દો** (C) પોશાક (D) ખોરાક
૨૦. 'શિરપેચ' એટલે ....
(A) માથા પરના વાંકડિયાવાળ **(B) છોગાવાળો સાફો**
(C) પાઘડી (D) શિરસ્ત્રાણ
૨૧. દલપતરામ કવિનું વતન -
(A) સુ.નગર **(B) વઢવાણ** (C) વડોદરા (D) અમદાવાદ
૨૨. અર્વાચીન ગુજરાતી કવિતામાં સુધારા યુગના કવિ તરીકે કોની ગણના થાય છે ?
(A) દલપતરામ **(B) નર્મદ** (C) કલાપી (D) મણિલાલ દ્વિવેદી
૨૩. દલપતરામ કવિની કવિતા 'દલપતકાવ્ય' ના કુલ ...
(A) એક જ ભાગ છે (B) બે ભાગ છે **(C) ત્રણ ભાગ છે** (D) ચાર ભાગ છે
૨૪. 'બુદ્ધિપ્રકાશ' સામયિકના આરંભકાળથી જ તંત્રી રહેલા ...
(A) ન્હાનાલાલ (B) મધુસૂદન પારેખ **(C) દલપતરામ** (D) નર્મદ
૨૫. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
ખાંડણિયામાં અનાજ ખાંડવા માટે વપરાતું લાકડાનું સાધન
(A) ખાંડણિયો **(B) સાંબેલું** (C) ધોકો (D) બુઝારુ
૨૬. નીચેનામાંથી કયું નાટક દલપતરામ દ્વારા લિખિત છે ?
**(A) લક્ષ્મી** (B) રાઈનો પર્વત (C) પીળું ગુલાબ (D) અશોક વન
૨૭. કવિ નર્મદનો જન્મ કયા શહેરમાં થયો હતો ?
(A) વડોદરા **(B) સુરત** (C) ભરૂચ (D) રાજકોટ

માધવ પ્રકાશન

૨૮. નર્મદે શરૂ કરેલા સામયિકનું નામ ...

(A) બુદ્ધિપ્રકાશ (B) નવચેતન **(C) ડાંડિયો** (D) ભૂમિપુત્ર

૨૯. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યના નૂતન પ્રસ્થાનકાર' કોને ગણવામાં આવે છે ?

(A) ઉમાશંકર **(B) નર્મદ** (C) દલપતરામ (D) જયંત ખત્રી

૩૦. 'ઝબકજ્યોત' એકાંકીનો કેન્દ્રીય સૂર કયો છે ?

(A) વીજળીકરણ **(B) દેશભક્તિ** (C) જ્ઞાતિપ્રેમ (D) હિજરત

૩૧. કૃષ્ણલાલ શ્રીધરાણીનું પ્રદાન મુખ્યત્વે કયા સ્વરૂપમાં છે ?

(A) કવિતા (B) નાટક **(C) કવિતા અને નાટક** (D) નવલકથા

૩૨. 'મૃત્યુ પછી રડવાકૂટવાનો રિવાજ' - શબ્દસમૂહ માટે એક શબ્દ ?

(A) રુદન **(B) મોકાણ** (C) ચાવણું (D) લોકાચાર

૩૩. "એમનો ... સરદારને કાને પડે ને સરદાર ખેડૂતો ભૂલી ન શકે તેવી ગામઠી ઉપમાઓ આપે"

**(A) કીમિયો** (B) કિમિયો (C) કીમીયો (D) કિમીયો

૩૪. "આપણે **વિનીત** રહીએ એમાં જ મજા !"- આધોરેખિત પદનો વિરોધી શબ્દ શોધીને લખો

(A) નમ્ર (B) શિથિલ **(C) ઉદ્દામ** (D) ઉન્નત

૩૫. કવિ મકરંદ દવે સંપાદિત ભજનસંગ્રહનું નામ -

(A) ભજનરસ (B) અમલ પિયાલો **(C) સંત કેરી વાણી** (D) વીજળીને ચમકારે

૩૬. 'ગુલાલ અને ગુંજાર' કોનો કાવ્યસંગ્રહ છે ?

(A) હરીન્દ્ર દવે **(B) મકરંદ દવે** (C) સાંઈરામ દવે (D) રમેશ ર.દવે

૩૭. નવલકથા 'ખેતરને ખોળે'ના લેખક ...

(A) ઈશ્વર પેટલીકર (B) ચુનીલાલ મડિયા (C) જયંતિ દલાલ **(D) પીતાંબર પટેલ**

૩૮. 'કોશીર' એટલે....

(A) કંજુસાઈ **(B) કરકસર** (C) ઉડાઉપણું (D) છાકટાપણું

૩૯. 'દવલું' એટલે

(A) વહાલું (B) પ્રિય (C) ગમતું **(D) અળખામણું**

૪૦. હૈયું ચિચાઈ જવું : રૂઢિપ્રયોગનો અર્થ

(A) ખૂબ જ સુખ થવું **(B) ખૂબ જ દુઃખ થવું** (C) ભાંગી પડવું (D) નરમ પડવું

૪૧. 'પારકાં જણ્યાં' પુસ્તકનું સ્વરૂપ જણાવો ?

(A) વાર્તા (B) એકાંકી (C) પદ્યનાટક **(D) નવલકથા**

૪૨. નીચેનાં વિધાનોને આધારે ઉત્તરો આપો

૧. ઉમાશંકર રાજસભાના સભ્ય પણ રહ્યા હતા

૨. ઉમાશંકર ગુજરાત યુનિવર્સિટી તથા શાંતિનિકેતનની વિશ્વભારતી યુનિવર્સિટીના કુલપતિ પણ રહ્યા હતા

૩. ઉમાશંકરને ઈસ.૧૯૩૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો

૪. ઉમાશંકરને ૧૯૬૭માં 'નિશીથ' માટે જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો

માધવ પ્રકાશન

૫. સાપના ભારા ઉમાશંકરના લિખિત એકાંકી સંચય છે

(A) વિધાન ૧-૨-૩ સાચાં છે

(B) વિધાન ૩-૪-૫ સાચાં છે

(C) વિધાન ૧-૨-૩-૪ સાચાં છે

**(D) વિધાન ૧-૨-૩-૪-૫ સાચાં છે**

૪૩. નીચેના વિધાનને આધારે વિકલ્પ પસંદ કરો

૧. ઉમાશંકરે કવિતાઓ લખી છે.

૨. ઉમાશંકરે વાર્તાઓ લખી છે.

૩. ઉમાશંકર બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક છે.

૪. ઉમાશંકરે એકપણ નવલકથા લખી નથી.

(A) ચારેય વિધાન સાચાં છે

(B) પ્રથમ વિધાન સાચું, બીજાં અસંગત છે

(C) પ્રથમ બે વિધાન સાચાં, બીજાં બે ખોટા છે

**(D) પ્રથમ ત્રણ વિધાન સાચાં, ચોથું વિધાન ખોટું છે**

૪૪. 'અખો : એક અધ્યયન' પુસ્તકના લેખક કોણ છે ?

(A) અખો (B) શામળ

(C) રણજિત પટેલ 'અનામી' **(D) ઉમાશંકર જોશી**

૪૫. નીચેની કાવ્યપંક્તિમાંના અધોરેખિત શબ્દનો અર્થ શોધીને લખો

આઘેની ભેખડે કો ભડભડ બળતી <u>ચેહ</u> રાતી સ્મશાને

(A) ચાહ **(B) ચિતા** (C) ચિંતા (D) તાપણી

૪૬. 'સોનચંપો' કાવ્યસંગ્રહના કવિ કોણ ?

(A) કૃષ્ણલાલ શ્રીધરાણી (B) સુન્દરમ્

**(C) બાલમુકુન્દ દવે** (D) મણિલાલ દેસાઈ

૪૭. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો ?

પક્ષીઓને ચણ નાખવા માટે બાંધેલી જગ્યા

**(A) પરબડી** (B) પક્ષીચણ (C) ચોતરા (D) વિહગ ધામ

૪૮. નીચાના વાક્યમાંના ઘાટા અક્ષરે છપાયેલા શબ્દને અનુરૂપ શબ્દ શોધો

નાના ગામડામાં વળી **નાણાં લઈને ગ્રાહકોને જમાડવા માટેનું ભોજનાલય** ક્યાંથી મળે ?

**(A) વીશી** (B) હૉટેલ (C) બોર્ડિંગ (D) ખાણી-પીણીની દુકાન

૪૯. કાવ્યપંક્તિમાંના અધોરેખિત પદનો અર્થ શોધો

શેઠની મેડીએ થાળીવાજું **નૌતમ** ગાણાં ગાય.

(A) જુદાં-જુદાં (B) મજાનાં

**(C) નવાં** (D) આ ત્રણ પૈકી એકપણ નહિ

૫૦. નીચેનામાંથી કયુ પુસ્તક સુન્દરમ્નું વાર્તાઓનું પુસ્તક છે ?

(A) વસુધા (B) કાવ્યમંગલા (C) વરદા **(D) પિયાસી**

માધવ પ્રકાશન

૫૧. ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું તખલ્લુસ જણાવો ?

(A) વાસુકિ (B) શેષ **(C) સુન્દરમ્** (D) મિનપિયાસી

૫૨. નીચેની કાવ્યપંક્તિમાંના અધોરેખિત પદનો અર્થ શોધીને લખો

'ભોમના ભાર ઉતારવા આજે જનમ્યા'તા **<u>કિરતાર</u>** !'

**(A) પરમેશ્વર** (B) કૃષ્ણનું એક નામ (C) કીર્તન (D) ચિત્રકાર

૫૩. નીચેની કાવ્યપંક્તિમાંના અધોરેખિત શબ્દનો અર્થ શોધીને લખો

જરા **<u>વેળુમાં</u>** જઈ એ આળોટી ખિસકોલી

(A) માટી **(B) રેતી** (C) કાદવ (D) નદીનો પટ

૫૪. કવિ ઉમાશંકરની બધી જ કવિતાઓનો સંગ્રહ કયો ?

(A) સકલ કવિતા (B) સંપૂર્ણ કવિતા

**(C) સમગ્ર કવિતા** (D) સંકલિત કવિતા

૫૫. કવિ ઉમાશંકર કયું માસિક ચલાવતા હતા ?

(A) ડાંડિયો (B) બુદ્ધિપ્રકાશ (C) ફાર્બસ **(D) સંસ્કૃતિ**

૫૬. કવિ ઉમાશંકરને કયા સંગ્રહ માટે કયા વર્ષનું જ્ઞાનપીઠ પારિતોષિક પ્રાપ્ત થયું હતું ?

(A) પ્રાચીના-૧૯૬૩ (B) સપ્તપદી-૧૯૬૬

(C) વિશ્વશાંતિ-૧૯૬૭ **(D) નિશીથ-૧૯૬૭**

૫૭. નીચેનામાંથી પન્નાલાલ પટેલની આત્મચરિત્રાત્મક નવલકથા કઈ છે ?

(A) ભાંગ્યાના ભેરુ (B) વળામણાં

(C) મળેલા જીવ **(D) જિંદગી સંજીવની**

૫૮. 'સુખ-દુ:ખના સાથી' પુસ્તક........ છે

**(A) વાર્તાસંગ્રહ** (B) ચરિત્રગ્રંથ

(C) નવલકથા (D) લોકકથા

૫૯. પન્નાલાલ પટેલની કઈ નવલકથાને કઈ સાલમાં જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ?

(A) મળેલા જીવ-૧૮૯૭ **(B) માનવીની ભવાઈ-૧૯૮૫**

(C) ઘમ્મરવલોણું - ૧૯૮૨ (D) 'અલપઝલપ' - ૧૯૮૦

૬૦. પન્નાલાલે પોતાના બાળપણનાં સંસ્મરણો કયા પુસ્તકમાં આલેખ્યાં છે ?

(A) વાત્રકને કાંઠે (B) જિંદગી સંજીવની

**(C) અલપઝલપ** (D) સુખદુ:ખનાં સાથી

૬૧. નીચેના વાક્યોમાંના અધોરેખિત પદને અનુરૂપ રૂઢિપ્રયોગ શોધો

શ્રાવણ મહિનામાં રોજેરોજ **<u>લાડુનું જમણ થતું</u>**.

(A) મિજબાની મળતી (B) પાર્ટી યોજાતી

(C) મહાભોજનું આયોજન થતું **(D) ચકમચકા ઊડતા**

માધવ પ્રકાશન

૬૨. નીચેના વાક્યમાં કયે કયે ઠેકાણે અટકશો ?

પિસ્તાલીસના પગારમાં ગામડામાં પડેલા પાંચ જીવનું અને શહેરમાં વસતા પોતાના જીવનું, કેમ કરીને પેટ ભરાતું હતું એ તો દેવશંકરને પોતાનેય નહોતું સમજાતું.

(A) પેટ ભરાતું હતું, નહોતું સમજાતું

**(B) પગારમાં, પોતાના જીવનું, નહોતું**

(C) નહોતું સમજાતું

(D) પાંચ જીવનું, નહોતું સમજાતું

૬૩. નીચેના વાક્યમાંની ખાલીજગ્યા માટે યોગ્ય શબ્દ પસંદ કરો.

એકમાં પાંચ.........બાકી હતી.

**(A) મિનિટ** (B) મીનીટ (C) મીનિટ (D) મિનીટ

૬૪. નીચેના વાક્યમાંના અધોરેખિત પદનો સમાસ ઓળખાવો.

બ્રાહ્મણ થઈને **<u>અન્નદેવને</u>** છાંડી ન મૂકશો

(A) દ્વન્દ્વ (B) દ્વિગુ **(C) કર્મધારય** (D) બહુવ્રીહિ

૬૫. 'અમાસના તારા' પુસ્તકનો સાહિત્યપ્રકાર કયો છે ?

**(A) સ્મરણચિત્રો** (B) પ્રવાસવર્ણન

(C) આત્મકથા (D) નવલકથા

૬૬. 'ધરતીની પુત્રી' નવલકથાના લેખક કોણ છે ?

(A) ર.વ.દેસાઈ (B) મધુરાય **(C) કિશનસિંહ ચાવડા** (D) રઘુવીર ચૌધરી

૬૭. નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દનો વિરોધી અર્થ શોધો.

બાએ માથે એવી રીતે ઓઢ્યું કે ડોકની **<u>ચારુતા</u>** ઢંકાઈ ગઈ

(A) સૌંદર્ય (B) સુંદરતા **(C) કદરૂપતા** (D) સરસતા

૬૮. નીચેની કાવ્યપંક્તિઓને આધારે રેખાંકિત પદનો સમાનાર્થી શબ્દ શોધો

આભે અડિયો **<u>સેન</u>** અગનનાં, ધખિયાં આ દશ ઢાળાં જી;

(A) જ્વાળા (B) જ્યોત **(C) સેના** (D) આ ત્રણ પૈકી એક પણ નહિ

૬૯. દુલાભાયા કાગની 'કાગવાણી' ના કુલ કેટલા ભાગમાં છે ?

(A) બે (B) ત્રણ (C) છ **(D) સાત**

૭૦. નીચેનામાંથી કઈ કૃતિ દુલાભાયાકાગની નથી ?

(A) કાગવાણી **(B) વરદા** (C) શક્તિચાલીસા (D) ગુરુમહિમા

૭૧. પ્રકૃત્તિ અને પૌરાણિક કથાનકો પર આધારિત કૃતિઓ રચનાર કોણ ?

(A) ઉમાશંકર જોશી (B) સુન્દરમ્ (C) રાવજી પટેલ **(D) દુલાભાયા કાગ**

૭૨. કવિ દુલા ભાયા કાગની જાણીતી રચના 'ઊડી જાઓ પંખી...' નીચેનામાંથી કયા સંગ્રહમાંથી લેવામાં આવી છે ?

(A) સોરઠ બાવની (B) શક્તિચાલીસા (C) ગુરુમહિમા **(D) કાગવાણી**

માધવ પ્રકાશન

૭૩. 'ઊડી જાઓ પંખી પાંખુવાળાં'નો ઢાળ શાને મળતો આવે છે ?

(A) લોકગીત **(B) ભજન** (C) ગરબો (D) દુહો

૭૪. તળપદા શબ્દ 'પાંખું'નો મૂળ શબ્દ નીચેનામાંથી શોધો ?

(A) હલકું **(B) પાંખો** (C) પંખો (D) જોઉ

૭૫. પન્નાલાલ પટેલનો જન્મ કયા ગામે થયો હતો ?

**(A) રાજસ્થાનના માંડલી ગામે**

(B) કચ્છ જિલ્લાના માંડવી ગામે

(C) બનાસકાંઠાના પાલનપુર ખાતે

(D) ભિલોડા તાલુકાના બામણા ગામે

૭૬. નીચે આપેલા વિધાનો પૈકી કયાં - કેટલાં વિધાનો લોકગીત સ્વરૂપ સાથે બંધબેસતા છે ?

૧. લોકગીત એટલે લોકોના હૃદયમાંથી સ્ફૂરતું હોય છે.

૨. લોકગીત લોકસમુદાય દ્વારા રચાતું હોય છે.

૩. લોકગીતમાં તત્કાલીન સમાજ જીવન અને લોકમાનસ ઝિલાયેલું હોય છે.

૪. લોકગીતમાં કોઈ એક પંક્તિનું વારંવાર પુનરાવર્તન થતું હોવાથી લયબદ્ધતા અને ભાવનું સાતત્ય જળવાય છે.

(A) પહેલાં બે વાક્યો સાચાં છે.

(B) ત્રીજું-ચોથું વિધાન સાચું છે.

(C) માત્ર બીજું વિધાન સાચું છે.

**(D) પહેલું-બીજું-ત્રીજું-ચોથું વિધાન સાચું છે.**

૭૭. સાહિત્યકાર કનૈયાલાલ મુનશીનો જન્મ........થયો હતો ?

(A) સુરતમાં **(B) ભરૂચમાં** (C) વડોદરામાં (D) નડિયાદમાં

૭૮. ક.મા.મુનશીની નવલકથા 'વેરની વસૂલાત' કયા પ્રકારની નવલકથા છે ?

(A) ઐતિહાસિક (B) પૌરાણિક **(C) સામાજિક** (D) ચેતના પ્રવાહની

૭૯. 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' પુસ્તક મુનશી લિખિત.... છે

**(A) આત્મકથા** (B) નવલકથા (C) વાર્તા (D) નાટક

૮૦. શ્રી ક.મા.મુનશી માટે નીચેનામાંથી કયું વિધાન બંધબેસતું નથી ?

(A) તેઓ પ્રખર ધારશાસ્ત્રી હતા

(B) આપણા દેશના અગ્રણી રાજપુરુષ હતા

(C) તેમણે સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં ખેડાણ કર્યું હતું

**(D) તેમને સાહિત્યિક સેવા બદલ જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો**

૮૧. નીચેના વાક્યમાંના અધોરેખિત પદનો અર્થ શોધીને લખો

કાકાની જીભે **બીભત્સ** વાત જરાજરામાં આવતી

(A) રમૂજભરી **(B) અશિષ્ટ** (C) બીક લાગે તેવી (D) મજાકિયા

માધવ પ્રકાશન

૮૨. નીચેના વાક્યમાંના અધોરેખિત રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો
હાસ્યના અનેક રંગો એ કાઢતા ને બધાને પાશ લગાડતા.
(A) બાંધી દેતા **(B) રંગ લગાડતા**
(C) હસાવતા (D) આ પૈકી કોઈ નહિ

૮૩. 'મરણ પાછળ રોવા-કૂટવાનો રિવાજ' એટલે....
(A) રોણું **(B) કાણ** (C) રડારોળ (D) સૂતક

૮૪. નીચેની કાવ્યપંક્તિમાંના રેખાંકિત પદનો સમાસ ઓળખાવો
મેનકા-ઉર્વશીની જોડ રે, તેથી રીઝયા શ્રી રણછોડ રે
(A) કર્મધારય (B) બહુવ્રીહિ **(C) ઉપપદ** (D) દ્વિગુ

૮૫. નીચેની કાવ્યપંકિતમાંના રેખાંકિત પદનો અર્થ જણાવો
ચતુરા નવ ચૂકે ચાલ રે, હીંડી મરમે જેમ મરાલ રે
(A) પોપટ (B) મરઘી **(C) મોર** (D) વાઘ

૮૬. 'અભિમન્યુ આખ્યાન' ના રચયિતા કવિ
(A) શામળ (B) મીરાંબાઈ **(C) પ્રેમાનંદ** (D) કવિ નાકર

૮૭. 'ઉપંગ' એટલે -
(A) બીજું અંગ (B) ખોળો **(C) એક પ્રકારનું વાદ્ય** (D) બ્રાહ્મણ

૮૮. 'વેંઝણો' શબ્દ કયા મૂળ શબ્દનો અપભ્રંશ છે ?
(A) બળદ (B) વીંધણો **(C) વીંજણો** (D) એક પણ નહિ

૮૯. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો
- પહેલીવાર વિયાયેલી ભેંસ
(A) જોટું **(B) ઝોટું** (C) મહિષી (D) નવેલી

૯૦. 'દિયર-ભોજાઈ' લોકગીત નીચેનામાંથી કયા પુસ્તકમાં સંપાદિત છે ?
(A) સોનચંપો **(B) રઢિયાળી રાત**
(C) યુગવંદના (D) સૌરાષ્ટ્રની રસધાર

૯૧. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
- આકર્ષક રંગ અને ભાતવાળું રેશમ જેવું એક પ્રકારનું કાપડ
**(A) મશરુ** (B) તળાઈ (C) રેશમ (D) મલમલ

૯૨. 'અરજણ' શબ્દ કયા મૂળ શબ્દનો અપભ્રંશ છે ?
(A) સર્જન (B) અર્ચન (C) અર્જન **(D) અર્જુન**

૯૩. નીચેના વાક્યમાંના અધોરેખિત પદનો સમાનાર્થી શબ્દ કયો છે ?
"કાઠીઓમાં આ **કઢીચટ્ટાપણું** કયાંથી પેઠું, ભાઈ !"
(A) કઢી ખાવાની ટેવ (B) ખાટો સ્વભાવ
**(C) ખુશામત કરવાની ટેવ** (D) ગુસ્સે થવાની ટેવ

૯૪. નીચેના વાક્યમાં અધોરેખિત રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો.
- મનમાં ને મનમાં સમસમી રહ્યો
**(A) ધૂંધવાઈ ઊઠ્યો** (B) ગૂંચવાઈ ગયો
(C) લજવાઈ ગયો (D) ભાંગી પડયો

માધવ પ્રકાશન

૯૫. 'ગાંધીકથા' પુસ્તકના લેખકનું નામ જણાવો.

(A) કાકા કાલેલકર (B) રામનારાયણ પાઠક

(C) સ્વામી આનંદ **(D) ઉમાશંકર જોષી**

૯૫. નીચેના વાક્યમાં પ્રયોજવામાં આવેલા શબ્દસમૂહ માટેનો એક શબ્દ શોધીને લખો

- ભૂમિતિના કોઈ સિદ્ધાંતને સાબિત કરવા માટેની તાર્કિક પદ્ધતિ એટલે...

(A) ગણતરી **(B) પ્રમેય**

(C) યુક્લિડ (D) તર્કશાસ્ત્ર

૯૬. નીચે આપવામાં આવેલા વાક્યમાં અટકસ્થાનો ક્યાં-ક્યાં છે ?

- મારું પોતાનું સ્મરણ એવું છે કે મારી હોશિયારીને વિશે કંઈ માન નહોતું.

**(A) 'એવું છે કે' પછી** (B) 'સ્મરણ' પછી

(C) હોશિયારીને (D) વિશે કંઈ

૯૭. 'કવિશિરોમણિ'નું બિરુદ કયા કવિને ફાળે ગયું છે ?

(A) નરસિંહ મહેતા (B) ઉમાશંકર જોશી

**(C) પ્રેમાનંદ** (D) ભાલણ

૯૮. કવિ પ્રેમાનંદ ક્યાંના વતની હતા ?

(A) અમદાવાદ (B) જેતલપુર **(C) વડોદરા** (D) ઉત્તર ગુજરાત

૯૯. 'દશમસ્કંધ'ના રચયિતા કોણ ?

(A) નરસિંહ મહેતા (B) બાલમુકુન્દ દવે (C) હરીન્દ્ર દવે **(D) પ્રેમાનંદ**

૧૦૦. નીચેની પંક્તિમાંના અધોરેખિત પદનો સમાનાર્થી શબ્દ જણાવો

- આ શા <u>ફૂટડા</u> મિત્ર સુદામા રે !

(A) કદરૂપા **(B) સુંદર** (C) સુશીલ (D) બરછટ

૧૦૧. નીચેની કાવ્યપંક્તિમાંના રેખાંકિત પદનો સમાસ ઓળખાવો.

- શું બોલો છો વિસ્મે થઈ ? <u>હરિભક્ત</u>ને ઓળખો નહીં

(A) દ્વન્દ્વ સમાસ (B) કર્મધારય (C) બહુવ્રીહિ **(D) તત્પુરુષ**

૧૦૨. નરસિંહનાં પ્રભાતિયાંમાં મોટેભાગે કયા છંદનો ઉપયોગ થયો છે ?

(A) મનહર (B) દોહરો (C) ચોપાઈ **(D) ઝૂલણા**

૧૦૩. 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી' અને 'મામેરું' જેવી નરસિંહની રચનાઓ કેવા પ્રકારની છે ?

(A) તાત્ત્વિક પ્રકારની **(B) આત્મચરિત્રાત્મક** (C) કળાત્મક (D) પરંપરિત

૧૦૪. 'ભાંગી ભાંગી ભાંગી મારા ભવની ભાવટ ભાંગી રે' - કાવ્યપંક્તિમાં કયો અલંકાર છે ?

**(A) વર્ણાનુપ્રાસ** (B) શબ્દાનુપ્રાસ (C) અંત્યાનુપ્રાસ (D) આંતરપ્રાસ

૧૦૫. નીચેની પંક્તિમાંના અધોરેખિત શબ્દનો અર્થ શોધીને લખો.

- 'ભાંગી ભાંગી ભાંગી મારા ભવની <u>ભાવટ</u> ભાંગી રે !'

(A) જન્મ **(B) જંજાળ** (C) ભાવુકતા (D) વડનું ઝાડ

૧૦૬. નીચેની પંક્તિમાં અધોરેખિત પદનો સમાસ શોધો.

- 'ફૂલી ફૂલી ફૂલી હું તો <u>**હરિમુખ**</u> જોઈ ફૂલી રે !'

(A) મધ્યમપદ લોપી **(B) તત્પુરુષ** (C) કર્મધારય (D) બહુવ્રીહિ

માધવ પ્રકાશન

૧૦૭. જેનાથી મોહ પમાય તે....
(A) **કામણ** (B) કારણ
(C) પ્રેમ (D) આ પૈકી એક પણ નહિ

૧૦૮. ગાંધીજીનાં તમામ લખાણો ....... નામની ગ્રંથશ્રેણીમાં સંઘરાયાં છે ?
(A) મહાદેવભાઈની ડાયરી **(B) ગાંધીજીનો અક્ષરદેહ**
(C) સત્યના પ્રયોગો (D) હિન્દસભા

૧૦૯. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' પુસ્તકના લેખક ...
(A) મિ.પોલાક **(B) મહાત્મા ગાંધી**
(C) શેખ અબ્દુલ્લા (D) કાકા કાલેલકર

૧૧૦. ભાદર નદીની દક્ષિણનો સમુદ્ર સુધીનો જૂનાગઢ જિલ્લાનો પ્રદેશ....
(A) લીલી નાઘેર **(B) સોરઠ** (C) હાલાર (D) વાગડ

૧૧૧. નીચેના વાક્યમાં અધોરેખિત પદનો સમાનાર્થી શબ્દ શોધો.
- સાચું બોલનારે ને સાચું કરનારે <u>ગાફેલ</u> પણ ન રહેવું જોઈએ
(A) સાવધ (B) મૂંગા **(C) અસાવધ** (D) ઉદ્ધત

૧૧૨. મીરાંબાઈનો જન્મ રાજસ્થાનમાં આવેલા ... ગામમાં થયો હતો
(A) માંડલી (B) ઉદયપુર (C) મેવાડ **(D) મેડતા**

૧૧૩. 'ગોવિંદો પ્રાણ અમારો રે..' પદ મીરાંનું કયા પ્રકારનું પદ છે ?
(A) ધાર્મિક (B) સામાજિક
(C) સાંસ્કૃતિક **(D) આત્મકથાત્મક**

૧૧૪. નર્મદાકાંઠે આવેલા ગામ ચાણોદના વતની કવિ...
(A) નર્મદ (B) પ્રેમાનંદ
**(C) દયારામ** (D) અખો

૧૧૫. દયારામ કયા કાવ્યપ્રકારથી વધુ જાણીતા બન્યા છે ?
(A) સૉનેટ (B) ગરબો **(C) ગરબી** (D) પદ

૧૧૬. પુણ્ય પૂરવ તણાં, તેથી <u>પાતળિયો</u> અમને લાડ લડાવે ! પંક્તિમાંના અધોરેખિત શબ્દનો કવિને અભિપ્રેત અર્થ કયો છે ?
(A) પાતળો (B) પતિ (C) પ્રેમી **(D) દેખાવડો**

૧૧૭. દયારામ રચિત સંગ્રહનું નામ ....
**(A) રસસુધા** (B) પ્રેમસુધા (C) કાવ્યસુધા (D) ગરબીસુધા

૧૧૮. 'જામની' શબ્દ કયા મૂળ શબ્દનો અપભ્રંશ છે ?
(A) યામની **(B) યામિની** (C) દામિની (D) યામનિ

૧૧૯. 'થોભણ' એટલે....
(A) થોભવું (B) ઊભવું (C) બેસવું **(D) ટેકો**

૧૨૦. નીચેના શબ્દો પૈકી કયો શબ્દ 'ષષ્ઠી તત્પુરુષ' સમાસ છે ?
**(A) ગિરિશૃંગ** (B) શશીવદન (C) મહાદેવ (D) નર્મદા

૧૨૧. નીચેનામાંથી જુદો પડતો શબ્દ કયો છે ?
(A) વપુ (B) દેહ (C) શરીર **(D) અંગુલિ**

માધવ પ્રકાશન

૧૨૨. શુકદેવજી પાસે **<u>અગાધ</u>** જ્ઞાન છે. અધોરેખિત પદનો અર્થ

(A) અધૂરું (B) પૂરતું (C) પૂરેપૂરું **(D) પુષ્કળ**

૧૨૩. નીચેના પૈકી કયો શબ્દ ઉપપદ સમાસનો નથી ?

(A) વિશ્વંભર (B) યુગંધર (C) નર્મદા **(D) મુખ્યમંત્રી**

૧૨૪. નીચેના પરિચ્છેદમાં યોગ્ય વિરામચિહનો મૂકો

તમારે આવવું ન જોઈએ ..... તમે આવો તો સારું .... અને હા .... તમારા ભાઈને પણ લેતા આવજો .... બહેનને પણ !

**(A) ?,!,!** (B) ! ? , , (C) !, ! ?, ? (D) ?, ? ! ,

૧૨૫. 'છંદોલય' કાવ્યસંગ્રહના કવિ કોણ છે ?

**(A) નિરંજન ભગત** (B) રાજેન્દ્ર શાહ

(C) પ્રિયકાંત મણિયાર (D) હરીન્દ્ર દવે

૧૨૬. નીચેની કાવ્યપંકિત વાંચીને અધોરેખિત પદનો અર્થ જણાવો

- 'મળ્યું સમયનું સોનું પરથમ <u>વાવર્યું</u> ફાવ્યું તેમ !'

(A) વાવ્યું (B) વવાયું

**(C) વાપર્યું** (D) વહોર્યું

૧૨૭. નીચેનામાંથી કયા કાવ્યસંગ્રહોના કવિ પ્રિયકાંત મણિયાર નથી ?

(A) પ્રતીક (B) અશબ્દ રાત્રિ

(C) સ્પર્શ **(D) છંદોલય**

૧૨૮. ૧૯૬૦ પછીની આધુનિક કવિતાના અગ્રણી કવિ તે.....

(A) પ્રિયકાન્ત મણિયાર (B) કૃષ્ણલાલ શ્રીધરણી

**(C) લાભશંકર ઠાકર** (D) રઘુવીર ચૌધરી

૧૨૯. લાભશંકર ઠાકરે પોતાના પિતા વિષે લખેલા પુસ્તકનું નામ ...

(A) મારા પૂજ્ય (B) પિતાશ્રી **(C) બાપા વિષે** (D) મારાં માવતર

૧૩૦. 'બાથટબમાં માછલી' પુસ્તકનું સ્વરૂપ...

(A) નવલકથા (B) વાર્તા **(C) નાટક** (D) કવિતા

૧૩૧. નીચેનાં વિધાનોમાંથી લાભશંકર ઠાકર સાથે બંધબેસતું ન હોય તેવું વિધાન કયું છે ?

(A) લા.ઠા.આધુનિક કવિ છે

(B) 'પીળું ગુલાબ અને હું' લા.ઠા.નું નાટક છે.

(C) 'ચંપકચાલીસા' લા.ઠા.ની નવલકથા છે.

**(D) લા.ઠા.ને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.**

૧૩૨. કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત લાભશંકર ઠાકરની કૃતિ

(A) બાપા વિષે (B) મારી બા

(C) બાથટબમાં માછલી **(D) ટોળાં અવાજ અને ઘોંઘાટ**

૧૩૩. **'કીર્તન-ઓચ્છવ'** – સમાસ ઓળખાવો.

**(A) દ્વન્દ્વ** (B) દ્વિગુ (C) અવ્યયીભાવ (D) તત્પુરુષ

માધવ પ્રકાશન

૧૩૪. નીચેનામાંથી તત્પુરુષ સમાસ ઓળખાવો

(A) આગગાડી (B) ટપાલપેટી (C) સિયારામ **(D) નંદકુમાર**

૧૩૫. કવિ નરસિંહ મહેતાનો જન્મ.......... માં થયો હતો.

(A) ભાવનગર **(B) તળાજા** (C) જૂનાગઢ (D) પોરબંદર

૧૩૬. 'મદનમોહના'ના સર્જક કોણ છે ?

**(A) શામળ** (B) અખો (C) નરસિંહ (D) મીરાં

૧૩૭. 'શ્યામ શરીર' કયા સમાસનું ઉદાહરણ છે ?

**(A) કર્મધારય** (B) તત્પુરુષ (C) અવ્યયીભાવ (D) દ્વિગુ

૧૩૮. ગંગાસતી અને પાનબાઈ વચ્ચે કયો સંબંધ હતો ?

(A) ગુરુ-શિષ્યાનો (B) સખી-સખીનો

**(C) સાસુ-વહુનો** (D) ગુરુબહેનોનો

૧૩૯. 'ભક્તિ કરવી તેને રાંક થઈને રહેવું' - રચના કોની છે ?

(A) ધીરો ભગત (B) ભોજો ભકત

**(C) ગંગા સતી** (D) પાનબાઈ

૧૪૦. ધીરા ભગતનાં પદો કયા નામથી જાણીતાં થયાં છે ?

(A) ચાબખા (B) છપ્પા **(C) કાફી** (D) સવૈયા

૧૪૧. 'સો વાર સમજાવું રે, <u>**પતીજ**</u> તોય નવ આણે'માં રેખાંક્તિ પદનો અર્થ જણાવો.

**(A) વિશ્વાસ** (B) સંપૂર્ણ (C) યજ્ઞ (D) હોડી

૧૪૨. 'પૂર્વાલાપ' કવિ કાન્તનો .... સંગ્રહ છે

**(A) એકમાત્ર** (B) બીજો (C) ત્રીજો (D) ચોથો

૧૪૩. કાન્તના ખંડકાવ્ય 'અતિજ્ઞાન'માં -

**(A) સહદેવ-દ્રૌપદીનું કથાનક છે** (B) ચક્વાક - ચક્વાકીનું કથાનક છે

(C) પાંડુ-માદ્રીનું કથાનક છે (D) ભીમનું કથાનક છે

૧૪૪. 'ગુરુ ગોવિંદ સિંહ' નાટકના લેખક ....

(A) રમણલાલ નીલકંઠ (B) દલપતરામ (C) નર્મદ **(D) કાન્ત**

૧૪૫. 'દુર્યોધન <u>પ્રેષિત</u> દૂત એક' માંના અધોરેખિત પદનો અર્થ-

(A) નો (B) પ્રેરિત **(C) મોકલેલો** (D) પ્રિય

૧૪૬. 'જામી ગઈ તરત ઘોર, <u>કરાલ</u> રાત' માં અધોરેખિત શબ્દનો અર્થ શો થાય ?

(A) કાળી (B) કાજળઘેરી **(C) ભયાનક** (D) સુંદર

૧૪૭. 'સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !' પંક્તિઓનો છંદ કયો છે ?

(A) પુષ્પિતાગ્રા (B) ઉપજાતિ (C) વંશસ્થ **(D) અનુષ્ટુપ**

૧૪૮. 'બેઠી ખાટે, ફરી વળી બધે મેડીઓ ઓરડામાં' - પંક્તિ કયા છંદની છે ?

**(A) મંદાક્રાન્તા** (B) શિખરિણી (C) ઉપજાતિ (D) પૃથ્વી

માધવ પ્રકાશન

૧૪૯. નીચેના પૈકી મંદાક્રાન્તા છંદની પંક્તિ અલગ તારવો.

(A) આવું કહ્યું ત્યાં શિર શૂળ ચાલ્યું

(B) જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં

(C) ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે

**(D) બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી**

૧૫૦. નીચેના પૈકી કઈ પંક્તિ મંદાક્રાન્તા છંદની નથી ?

(A) છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી :

(B) છેલ્લે પૂછ્યું રુધિરઝર આ પાણીપોચા હયાને

**(C) મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું**

(D) ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી

૧૫૧. 'છેલ્લે પૂછ્યું રુધિરઝર આ **પાણીપોચા** હયાને' પંક્તિના રેખાંકિત શબ્દનો અર્થ જણાવો.

**(A) કોમળ** (B) કઠોર (C) ભીનું (D) સ્નિગ્ધ

૧૫૨. 'છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એકઠે તીરથ જ્યાં' પંક્તિમાં 'લાધ્યું' શબ્દનો અર્થ

(A) લાગ્યું **(B) પ્રાપ્ત થયું**

(C) જોવા મળ્યું (D) ભોગવવા મળ્યું

૧૫૩. નીચેની કાવ્યપંક્તિમાંના રેખાંકિત શબ્દનો અર્થ જણાવો

- ભરોસે ચાલ્યા જે અનભે રંગમાં

(A) આકાશમાં નહિ (B) ડરપોક **(C) નિર્ભય** (D) અગ્નિમાં

૧૫૪. 'બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડો' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો

(A) ચણિયારું (B) દંડ **(C) ભોગળ** (D) ભૂંગળ

૧૫૫. 'ક્ષણોના મહેલમાં' કાવ્યસંગ્રહના કવિ -

(A) ધૂની માંડલિયા (B) યોગેશ જોષી

(C) હર્ષદ ત્રિવેદી **(D) ચિનુ મોદી**

૧૫૬. મોટાભાગનાં સાહિત્યસ્વરૂપો સાથે કામ પાડનાર ચિનુ મોદી કયા સાહિત્ય સ્વરૂપથી વધુ જાણીતા બન્યા છે ?

**(A) ગઝલ** (B) નવલકથા (C) પદ્યવાર્તા (D) ખંડકાવ્ય

૧૫૭. 'મેરામણ' એટલે -

(A) માનવવસ્તી (B) નદી (C) તળાવ **(D) સમુદ્ર**

૧૫૮. 'કાંબીઉં'માં ઘૂઘરા બંધાવજો જી રે, પંક્તિમાંના રેખાંકિત શબ્દનો અર્થ -

(A) બંગડી

(B) ગળાનો હાર

**(C) સ્ત્રીઓને પગમાં પહેરવાનું ઘરેણું**

(D) નથણી

માધવ પ્રકાશન

૧૫૯. ગુજરીમાં રતન જડાવજો જી રે...!

(A) બિંદી (B) ઝાંઝર

(C) કંદોરો **(D) સ્ત્રીના હાથનું એક ઘરેણું**

૧૬૦. ખૂંદી ખમે માતા <u>પ્રથમી</u>, વાઢી ખમે વનરાઈ... માં અધોરેખિત પદનો અર્થ શો થાય ?

(A) પહેલું (B) એ નામનો એક સંપ્રદાય

**(C) પૃથ્વી** (D) સ્ત્રી

૧૬૧. 'અતિ ભલી નહીં ધૂપ' અને 'જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે' એ બે પંકિતઓમાં 'ધૂપ' શબ્દના અર્થ

**(A) પહેલી પંકિતમાં 'તાપ' બીજી પંકિતમાં 'સુગંધિત દ્રવ્ય - અગરબત્તી'**

(B) બેઉ પંક્તિઓમાં 'તાપ' ના અર્થમાં જ

(C) પહેલી પંકિતમાં અગરબત્તી બીજીમાં 'તડકો'

(D) બેઉ પંકિતમાં 'અગરબત્તી'નો જ અર્થ છે

૧૬૨. મુંબઈના શેરીફ બનનાર સાહિત્યકાર -

(A) શિવકુમાર જોષી (B) સુરેશ દલાલ

(C) ગુલાબદાસ બ્રોકર **(D) ચંદ્રકાંત બક્ષી**

૧૬૩. નીચેનામાંથી કઈ કૃતિના લેખક ચંદ્રકાંત બક્ષી નથી ?

(A) આકાર (B) બક્ષીનામા ૧-૨-૩

**(C) જીવ** (D) પેરેલિસિસ

૧૬૪. 'માય ડીયર જયુ' કયા વાર્તાકારનું ઉપનામ છે ?

(A) ચંદ્રકાન્ત બક્ષી (B) જયંતી દલાલ

**(C) જ્યંતી ગોહેલ** (D) જ્યંતિભાઈ આચાર્ય

૧૬૫. નીચેનું વિધાન વાંચીને અધોરેખિત પદનો અર્થ જણાવો

કાનાનું કેરિયર રાતે બાર વાગે <u>**બકાલું**</u> ભરીને ઉપડે છે

**(A) શાકભાજી** (B) રસકસ (C) ફળફળાદિ (D) માલસામાન

૧૬૬. તળપદા શબ્દનો મૂળ શબ્દ આપો

'મજમ'

(A) પહેલાં (B) ગોળગોળ **(C) મજિયારું** (D) આગવું

૧૬૭. કવિ નર્મદનું આખું નામ નીચે પૈકી કયું છે ?

(A) નર્મદરાય પ્રાણશંકર દવે

. (B) નર્મદાશંકર કેશવલાલ પંડ્યા

(C) નર્મદાશંકર ઈચ્છાશંકર શાસ્ત્રી

**(D) નર્મદાશંકર લાલશંકર પંડ્યા**

માધવ પ્રકાશન

૧૬૮. કવિ નર્મદને શું બિરુદ મળ્યું છે ?

**(A) વીર નર્મદ** (B) મહાવીર નર્મદ (C) યુગમૂર્તિનર્મદ (D) સાહસી નર્મદ

૧૬૯. નીચેનામાંથી 'અવળવાણિયા' ઉપનામ કયા સર્જકનું છે ?

**(A) જ્યોતીન્દ્ર દવે** (B) રમણલાલ નીલકંઠ

(C) બકુલ ત્રિપાઠી (D) વિનોદ ભટ્ટ

૧૭૦. 'સ્થિર છે પ્રજ્ઞા જેની તે...'સ્થિતપ્રજ્ઞ : કયો સમાસ બને છે ?

**(A) બહુવ્રીહિ** (B) કર્મધારય

(C) તત્પુરુષ (D) અવ્યયીભાવ

૧૭૧. 'તે અહીં <u>**પ્રતિદિન**</u> મળસ્કે આવે છે' - માં રેખાંકિત પદ કયા સમાસનું ઉદા. છે ?

(A) બહુવ્રીહિ (B) કર્મધારય (C) તત્પુરુષ **(D) અવ્યયીભાવ**

૧૭૨. નીચેના વિધાનમાંનો અલંકાર ઓળખાવો

પુરુષોની માફક સ્ત્રી પણ કેળવણી લઈ શકે છે.

**(A) ઉપમા** (B) રૂપક (C) અનન્વય (D) વ્યતિરેક

૧૭૩. 'જક્ષણી' વાર્તાના લેખકનું વાર્તાકાર તરીકેનું તખલ્લુસ જણાવો ?

(A) રા.વિ.પાઠક **(B) દ્વિરેફ** (C) શેષ (D) સ્વૈરવિહારી

૧૭૪. 'જક્ષણી'વાર્તામાં મુખ્યત્વે....?

(A) લગ્નસંસ્થા પર કટાક્ષ છે

**(B) પ્રસન્ન દામ્પત્યભાવ હળવી શૈલીમાં છે**

(C) સામાજિક કુરિવાજોની ઠેકડી છે

(D) પ્રેમકથા છે

૧૭૫. 'જેની પત્ની વિદેશ ગઈ છે તેવો પુરુષ....' ?

(A) પ્રોષિતભર્તૃકા **(B) પ્રોષિતપત્નીક**

(C) પ્રેષિત પત્નીકા (D) ગતભાર્યા

૧૭૬. 'ચંડી કોપ ન કરો' કહી મને અટકાવી' – વાક્યમાંના 'ચંડી' શબ્દનો અર્થ ?

(A) માતા (B) પત્ની

(C) ભાભી **(D) ઉગ્ર સ્વભાવની સ્ત્રી**

૧૭૭. 'પરણ્યા પછી જો સ્ત્રી તરફ આસક્ત હોય તો.....' ?

(A) વાંઢો (B) મૂર્ખ **(C) હરખઘેલો** (D) પત્નીઘેલો

૧૭૮. 'જગતે પુરુષની ઘણી જ ઉપેક્ષા કરી છે' માં 'જ' એ શું છે ?

**(A) નિપાત** (B) સંયોજક

(C) સર્વનામ (D) આ પૈકી એક પણ નહિ

માધવ પ્રકાશન

૧૭૯. 'તમે કાલે મારે ઘેર આવશો તો ખરાં **ને** ?' માંનું અધોરેખિત પદ કયા પ્રકારના નિપાતનું ઉદા. છે ?

(A) ભારવાચક (B) સીમાવાચક (C) માનવાચક **(D) પ્રકીર્ણ**

૧૮૦. 'જગતમાં પત્ની વિનાના **સધુર**ની સ્થિતિ બહુ વિચિત્ર છે' માંના અધોરેખિત શબ્દનો અર્થ ?

(A) ધુરાસહિત

(B) ધુંસરીવાળો

**(C) જેની પત્ની હયાત છે તેવો પુરુષ**

(D) ત્રણ પૈકી એક પણ નહિ

૧૮૧. આંખથી સાંભળનાર ?

**(A) ચક્ષુ : શ્રવા** (B) આંખ શ્રવા

(C) અક્ષીકર્ણ (D) આ ત્રણ પૈકી એક પણ નહિ

૧૮૨. ચંદ્રકાંત બક્ષીનો જન્મ કયાં થયો હતો ?

(A) અમદાવાદ **(B) પાલનપુર** (C) ભૂજ (D) વડોદરા

૧૮૩. 'ગદ્યના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) કાકા કાલેલકર **(B) નર્મદ** (C) ગો.મા.ત્રિવેદી (D) ર.વ.દેસાઈ

૧૮૪. 'હું તો કહું છું કે પુરુષ કરતાં સ્ત્રીનું મન વધારે કોમળ છે !' - વાક્યમાં કયો અંલકાર બને છે ?

(A) ઉપમા (B) રૂપક **(C) વ્યતિરેક** (D) અનન્વય

૧૮૫. 'પુરુષના **ઉદ્ધત** જોસ્સાને નરમ પાડનાર સ્ત્રી જ છે' વાક્યામાંના રેખાંકિત પદનો અર્થ જણાવો

(A) વિનમ્ર (B) વિનીત **(C) તોછડાઈ** (D) કુનેહ

૧૮૬. 'એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવા સુધીનો સમય યાને કે સંધિકાળ....'

(A) યુગપરિવર્તન (B) યુગપલટો (C) યુગાંત **(D) સંક્રાંતિ**

૧૮૭. 'હવામાં **છાક** સમાતો ન હોય !' - અધોરેખિત પદનો અર્થ જણાવો

(A) ધાક (B) છકી જવું (C) શાક **(D) નશો**

૧૮૮. 'સારસ્વત' ઉપનામ ધારી સર્જકનું મૂળ નામ....?

(A) રઘુવીર ચૌધરી (B) રમેશ ર.દવે **(C) પુરુરાજ જોષી** (D) ભોળાભાઈ પટેલ

૧૮૯. 'હવાની લહેરનો મંદ - મંદ અવાજ એટલે' ?

(A) મઘમઘાટ (B) તલસાટ **(C) સરસરાહટ** (D) ઘસરકો

૧૯૦. પુસ્તક 'અગનપંખ' કોની આત્મકથાનો અનુવાદ છે ?

**(A) ડૉ.એ.પી.જે અબ્દુલ કલામ** (B) અટલબિહારી વાજપેયી

(C) અમિતાભ બચ્ચન (D) ધીરુભાઈ અંબાણી

માધવ પ્રકાશન

૧૯૧. જન્મથી પ્રાપ્ત થયેલું-

(A) **જન્મજાત** (B) જન્માંતર (C) જીવતર સમેત (D) જનમારો

૧૯૨. 'માનસિક આવેગવાળું' ?

(A) માનસિક (B) બૌદ્ધિક (C) **સાંવેગિક** (D) સંવેદનશીલ

૧૯૩. ઉકેલી ન શકાય તેવી સમસ્યા તે...?

(A) **મડાગાંઠ** (B) ગૂંચ (C) ગુંચવાડો (D) પહેલી

૧૯૪. 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાય છે

(A) ભગિની નિવેદિતા (B) **કાકા કાલેલકર**

(C) મુલ્કરાજ આનંદ (D) સ્વામી વિવેકાનંદ

૧૯૫. ડુંગરાઓએ નવો વેશ સજી લીધો છે. પંક્તિનો અલંકાર ઓળખાવો.

(A) અતિશયોક્તિ (B) **સજીવારોપણ**

(C) વ્યાજ સ્તુતિ (D) સ્વાભાવિક

૧૯૬. ............થવા કરતા કવિ ન થવું સારું

(A) સુકવિ (B) **કુકવિ** (C) લેખક (D) આ પૈકી એકપણ નહિ

૧૯૭. નીચેના વિધાનને વાંચી ખાલીજગ્યામાં યોગ્ય શબ્દ મૂકો

ભેખડ ઉપર.......ગામ છે

(A) **ટચૂકડું** (B) ટચુકડુ (C) ટચૂકડુ (D) ટચૂકડૂ

૧૯૮. મને લાગ્યું ...... ચાંદો બહુ ધીમે ધીમે ચાલી રહ્યો છે, વાક્યમાંની ખાલીજગ્યામાં યોગ્ય સંયોજક મૂકો

(A) અને (B) જાણે (C) તેમ (D) **કે**

૧૯૯. શૂલપાણેશ્વરથી નવાગામ ત્રણ.....દૂર છે

(A) કીલોમીટર (B) કિલોમિટર (C) **કિલોમીટર** (D) કીલોમિટર

૨૦૦. હવે હું ......થઈ ગયો

(A) **નિશ્ચિંત** (B) નિશ્ચિત (C) નીશ્ચિત (D) નીશ્ચીત

૨૦૧. મસ્તક પર ડાળીવાળી સ્ત્રીનું શિલ્પ એટલે.....?

(A) પ્રોષિતભર્તુકા (B) શાલંભિજિકા (C) **શાલભંજિકા** (D) શાલવન

૨૦૨. આપણાં મંદિરો......પૂર્વાભિમુખ હોય છે

(A) ક્યારેક (B) ઘણીવાર (C) કેટલાંક (D) **બહુધા**

૨૦૩. દેવનદી તો ઘાયલ વાઘણ જેવી ! - વાક્યમાંનો અલંકાર ઓળખાવો

(A) **ઉપમા** (B) રૂપક (C) વ્યાજસ્તુતિ (D) અનન્વય

૨૦૪. 'લ્યો આવ્યા, .........!'

(A) એન્જિનીયર (B) એન્જીનીયર (C) **એન્જિનિયર** (D) એનજીનીયર

૨૦૫. 'અંતરની વૃત્તિ કે ભાવ' એટલે ?

(A) મનોવૃત્તિ (B) મનોભાવ (C) **અંતર્ભાવ** (D) અંત:કરણભાવ

૨૦૬. તે અમારા **યજમાન** છે અધોરેખિત પદનો વિરોધી શબ્દ લખો

(A) **મેજબાન** (B) મહેરબાન (C) અતિથિ (D) મહેમાન

માધવ પ્રકાશન

૨૦૭. લા.ઠા. લિખિત 'વૃક્ષ' એકાંકીનો કેન્દ્રીય વિચાર......?

(A) વૃક્ષનું મહત્ત્વ સ્થાપી આપવાનો છે.

(B) પર્યાવરણ જાગૃતિ અંગેનો છે.

**(C) મનુષ્યની સ્વાર્થવૃત્તિનું આલેખન છે.**

(D) અસ્તિત્વવાદની સ્થાપનાનો છે.

૨૦૮. 'પુનર્વસુ' કોનું ઉપનામ છે ?

**(A) લાભશંકર ઠાકર** (B) ર.વ.દેસાઈ (C) મનુભાઈ પંચોળી (D) ચં.ચી.મહેતા

૨૦૯. 'બાથટબમાં માછલી' એ લાભશંકરનો.........?

(A) વાર્તાસંગ્રહ છે (B) નિબંધસંગ્રહ છે

**(C) એકાંકી સંગ્રહ છે** (D) લઘુકથાસંગ્રહ

૨૧૦. 'ઘનશ્યામ' ઉપનામથી સર્જન કરનાર લેખક ?

**(A) કનૈયાલાલ મુનશી** (B) પીતાંબર પટેલ

(C) ઈશ્વર પેટલીકર (D) ગોવર્ધનરામ ત્રિપાઠી

૨૧૧. 'પૃથિવીવલ્લભ' કૃતિનો સાહિત્ય પ્રકાર ?

(A) વાર્તા (B) લલિતનિબંધ **(C) નવલકથા** (D) નાટક

૨૧૨. 'પૃથિવીવલ્લભ' કયા સમાસનું ઉદા. છે ?

**(A) તત્પુરુષ** (B) કર્મધારય (C) બહુવ્રીહિ (D) દ્વિગુ

૨૧૩. 'તેના લાંબા કાળા વાળ સુરસરિતાના જલ સમા હતા' – આ વાક્યમાંનો અલંકાર ઓળખાવો

**(A) ઉપમા** (B) રૂપક (C) વ્યતિરેક (D) અનન્વય

૨૧૪. ધીમે ધીમે એ ડગ ધરતો કોઈ મત્ત ગજેન્દ્રની માફક ! વાક્યમાંનો અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) વ્યતિરેક **(C) ઉપમા** (D) અનન્વય

૨૧૫. છાતીના રક્ષણ માટેનું કવચ એટલે....?

(A) પદત્રાણ (B) શિરસ્ત્રાણ **(C) વક્ષસ્ત્રાણ** (D) હસ્તસ્ત્રાણ

૨૧૬. સૌંદર્યની નદી નર્મદાના લેખકનું નામ લખો

(A) અમૃતલાલ યાજ્ઞિક **(B) અમૃતલાલ વેગડ**

(C) ચંદ્રકાન્ત બક્ષી (D) સુન્દરમ્

૨૧૭. મધ્યપ્રદેશ ગુજરાતમાં હું આવ્યો જાણે કે એક માની ગોદમાંથી બીજી માની ગોદમાં આવી ગયો છું : વાક્યમાં પ્રયોજિત અલંકાર ઓળખાવો

(A) ઉપમા **(B) ઉત્પ્રેક્ષા** (C) વ્યતિરેક (D) અનન્વય

૨૧૮. નીચેના શબ્દોની સંધિ કરો

રજની + ઈશ = ................

**(A) રજનીશ** (B) રજનિશ (C) રજનીઈશ (D) રજનિઈશ

૨૧૯. નીચેના શબ્દોની સંધિ કરો

સિન્ધુ + ઊર્મિ = ...............

(A) સિન્ધોર્મિ **(B) સિન્ધૂર્મિ** (C) સિંધોર્મિ (D) સિંધોર્મી

૨૨૦. નીચેના શબ્દોની સંધિ કરો.

અતિ + અંત =.............

(A) અતિઅંત (B) અંત્યંત (C) અંત્યંત **(D) અત્યંત**

૨૨૧. નીચેના શબ્દોની સંધિ કરો

મનુ + અન્તર = ................

(A) મનુન્તર **(B) મન્વન્તર** (C) મન્વાન્તર (D) મનાન્તર

૨૨૨. નીચેના શબ્દોની સંધિ છોડો ?

નિસ્ + કામ =................

(A) નિસકામ (B) નિસ્કામ **(C) નિષ્કામ** (D) નિશ્કામ

૨૨૩. નીચેની કાવ્યપંક્તિમાંના અધોરેખિત પદનો અર્થ શોધીને લખો.

**<u>અદના</u>** તે આદમી છઈએ !

(A) આગવા (B) શ્રીમંત **(C) સામાન્ય** (D) અસામાન્ય

૨૨૪. ગાંધીયુગની આદર્શાભિમુખ કવિતાને સૌંદર્યાભિમુખતા ભણી લઈ જનારા સૌ પ્રથમ કવિ કયા છે ?

(A) ઉમાશંકર જોશી (B) રાજેન્દ્ર શાહ (C) પૂજાલાલ **(D) પ્રહ્‌લાદ પારેખ**

૨૨૫. પ્રહ્‌લાદ પારેખનો કાવ્યસંગ્રહ નીચેના પૈકી કયો છે ?

**(A) બારીબહાર** (B) આયુષ્ય અવશેષે (C) કાવ્યમંગલા (D) રસસુધા

૨૨૬. 'ધરતીના **<u>જાયાનાં</u>** કાયા ને હૈયાંને મોંઘેરા મૂલનાં કહીએ'–માં અધોરેખિત શબ્દનો અર્થ શો થાય ?

(A) જન્મ **(B) પુત્ર** (C) પુત્રી (D) માતા

૨૨૭. 'નાની એવી **<u>જાતક</u>** વાતનો મચવીએ નહિ શોર' પંક્તિમાંના રેખાંકિત શબ્દનો શો અર્થ થશે ?

**(A) તુચ્છ** (B) મહાન (C) મહત્ત્વની (D) એ પૈકી એકપણ નહિ

૨૨૮. 'નિબિડ' રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર' કાવ્યપંક્તિમાંના **'નિબિડ'** શબ્દનો અર્થ જણાવો

(A) કાળી **(B) ગાઢ** (C) અજવાળી (D) મધ્ય

૨૨૯. 'કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય **<u>દુકૂલ</u>'** પંક્તિના રેખાંકિત શબ્દનો અર્થ લખો

(A) ઝભ્ભો (B) પાયજામો **(C) બારીક રેશમી વસ્ત્ર** (D) કમખો

૨૩૦. 'ધ્વનિ' સંગ્રહના કવિ......?

(A) પ્રહલાદ પારેખ **(B) રાજેન્દ્રશાહ**

(C) હરીન્દ્ર દવે (D) ઉમાશંકર જોશી



માધવ પ્રકાશન

૨૩૧. રાજેન્દ્ર શાહની કેટલીક કવિતાઓમાં ક્યા મોટા કવિની અસર જોવા મળે છે ?

(A) શેક્સપિયર (B) વર્ડ્ઝવર્થ **(C) રવીન્દ્રનાથ ટાગોર** (D) શેલી

૨૩૨. રાજેન્દ્ર શાહને ક્યા વર્ષનો જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ?

(A) ૨૦૦૦ **(B) ૨૦૦૧** (C) ૨૦૦૨ (D) ૨૦૦૩

૨૩૩. 'જેમાં મટકી અથવા વાસણ મૂકીને અધ્ધર લટકાવી શકાય એવું દોરીથી ગૂંથેલું ઝોળી જેવું સાધન' –એટલે ?

(A) મટુકી (B) ઘડુલો (C) મશક **(D) શીકું**

૨૩૪. કવિશ્રી હરીન્દ્ર દવેની સમગ્ર કવિતાઓનો સંગ્રહ....?

(A) સૂર્યોપનિષદ (B) આસવ

(C) મૌન **(D) ચાલ, વરસાદની મોસમ છે**

૨૩૫. કવિ હરીન્દ્ર દવે રચિત 'હયાતી' એ.....?

(A) નવલકથા છે (B) વાર્તાસંગ્રહ છે

**(C) ગઝલ સંગ્રહ છે** (D) દીર્ઘ નાટક છે

૨૩૬. નીચેનામાંથી સર્જક હરીન્દ્ર દવેનો નિબંધસંગ્રહ કયો છે ?

(A) માધવ ક્યાંય નથી **(B) શબ્દ ભીતર સુધી**

(C) સમય (D) ગાંધીની કાવડ

૨૩૭. સાહિત્યકાર રમેશ ત્રિવેદીનું મુખ્ય પ્રદાન.....?

(A) વાર્તા ક્ષેત્રે છે (B) કવિતા ક્ષેત્રે છે

(C) નવલકથા ક્ષેત્રે છે **(D) લઘુકથા ક્ષેત્રે છે**

૨૩૮. 'વાડમાંથી જવા-આવવાનો કરેલો માર્ગ' એટલે - ?

(A) પગશેરી (B) બાખું (C) બાકોરું **(D) છીંડું**

૨૩૯. 'ખેતરમાં તૈયાર મોલ ચૂગી જતાં પક્ષીઓને બિવડાવવા માટે ઘાસ અને લાકડીઓનો ઉપયોગ કરીને ઊભું કરેલું માણસનો આભાસ આપતું પૂતળું' – એટલે ?

(A) પૂતળું (B) પ્રતિમા **(C) ચાડિયો** (D) બાવલું

૨૪૦. નીચેના વાક્યમાંથી અધોરેખિત પદનો અર્થ જણાવો

એ **તંતીલાને** કેટકેટલું સમજાવ્યો ?

(A) તોરીલો (B) અભિમાની **(C) હઠીલો** (D) સ્વાભિમાની

૨૪૧. 'ખેતરમાં સિંચાઈ માટે પાણીના વહેણની મોટી નીક' ?

(A) માળિયો **(B) ઢાળિયો** (C) કૅનાલ (D) કાંસ

૨૪૨. 'ભૂંસાતાં ગ્રામચિત્રો'નું સાહિત્યિક સ્વરૂપ.......નું છે ?

(A) વાર્તા (B) નવલકથા (C) કવિતા **(D) નિબંધ**



માધવ પ્રકાશન

૨૪૩. 'કાતરિયા જેવું હથિયાર, જે ફેંક્યા પછી ફેંકનાર પાસે પાછું આવે છે'

(A) ગોફણ **(B) બૂમરેંગ**

(C) ગિલોલ (D) આ પૈકી એક પણ નહિ

૨૪૪. લાગણીઓને સ્પર્શતી નાટ્યાત્મક અભિવ્યક્તિ એટલે ?

**(A) મેલોડ્રામા** (B) નાટ્યીકરણ (C) ઓવર એક્ટિંગ (D) મોનોલોગ

૨૪૫. નીચેની કાવ્યપંક્તિનો છંદ જણાવો

ગયાં વીતી વર્ષો દશ ઉપર બેચાર તુજથી

(A) પૃથ્વી (B) મંદાક્રાન્તા (C) વસંતતિલકા **(D) શિખરિણી**

૨૪૬. નાની વયે અવસાન પામનાર કવિ.....?

**(A) મણિલાલ દેસાઈ** (B) પ્રહ્લાદ પારેખ (C) જયંત પાઠક (D) ઉશનસ્

૨૪૭. 'બરાબર ઓઢાડીને સુવાડવું' તે......?

**(A) ઢબૂરવું** (B) હૂંફ આપવી (C) પોઢાડવું (D) શયન કરાવવું

૨૪૮. 'વેપારમાં રોજ રોજ માલનું વેચાણ થતાં એકત્ર થતી રકમ.....'?

(A) નફો (B) ખોટ **(C) વકરો** (D) આવક

૨૪૯. રસિક ભૈ તથા બીજા નોકરો **સુધ્ધાં** પરોઠા હાઉસમાં પ્રવેશે ત્યારે વાંકા વળી પગથિયે હાથ અડકાડી પછી છાતીએ અડકાડે ? અહીં સુધ્ધાં એટલે ?

(A) બધા (B) સીધા **(C) પણ** (D) વળી

૨૫૦. કવિ સ્નેહરશ્મિની બધી કવિતાઓ કયા ગ્રંથમાં સંઘરાઈ છે ?

(A) સમગ્ર કવિતા (B) સ્નેહરશ્મિની સમગ્ર કાવ્યરચનાઓ

**(C) સકલ કવિતા** (D) સ્નેહરશ્મિ સમગ્ર

૨૫૧. 'સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ' એ સ્નેહરશ્મિનો......?

(A) કાવ્યસંગ્રહ છે (B) વાર્તાસંગ્રહ છે

**(C) હાઈકુસંગ્રહ છે** (D) નિબંધસંગ્રહ છે

૨૫૨. સ્નેહરશ્મિ લિખિત નવલકથા......?

(A) પનઘટ **(B) અંતરપટ**

(C) ફેરો (D) સૂકી ધરતી સૂકા હોઠ

૨૫૩. 'ઈયાં ઢોકળીનું શાક શાક હોય તંઈ તો બાપુ, **જામો પડી જાય** !' માં અધોરેખિત રૂઢિપ્રયોગનો અર્થ ?

**(A) મજા પડી જાય** (B) વટપડી જાય

(C) ખૂટી પડે (D) આ પૈકી એક પણ નહી

૨૫૪. 'રસિક ભૈને કામમાં બરાબર **ખૂંપી ગયેલા જોઉં છું** !' અધોરેખિત પદને ઉચિત રૂઢિપ્રયોગ કયો હોઈ શકે ?

**(A) ગળાબૂડ ડૂબેલા જોઉં છું** (B) ખોવાઈ ગયેલા જોઉં છું

(C) ચોપાઈ ગયેલા જોઉં છું (D) ઊંડા ઊતરી ગયેલા જોઉં છું

૨૫૫. મક્કાની પવિત્ર યાત્રા કરીને આવેલો મુસ્લિમ યાત્રાળુ......?

(A) ઈમાન (B) નામદાર **(C) હાજી** (D) બિરાદર

૨૫૬. 'મોટા સાહેબે જ <u>**તાગ**</u> લીધો' પંક્તિમાંના અધોરેખિત પદનો અર્થ....?

(A) તપાસ **(B) અંદાજ** (C) જાણકારી (D) લવાજમ

૨૫૭. 'હઠ કરીને માંગવું તે...' ?

(A) હઠ (B) જિદ્દ **(C) ત્રાગું** (D) ત્રેવડ

૨૫૮. '<u>**મુજ રિપુ રિપુત્વે**</u> મચી રહી' માંના અધોરેખિત પદનો વિરોધી શબ્દ શોધીને લખો.

(A) દુશ્મનાવટે (B) શત્રુવટે **(C) મિત્રતાએ** (D) શાણપણે

૨૫૯. 'અભિસાર' કાવ્યસંગ્રહના કવિ કોણ છે ?

(A) સ્નેહરશ્મિ **(B) મનસુખલાલ ઝવેરી**

(C) પૂજાલાલ (D) હરીન્દ્ર દવે

૨૬૦. ક્લેવરો <u>**કાનનનાં**</u> ઘવાય છે પંક્તિના અધોરેખિત પદનો અર્થ જણાવો

**(A) જંગલ** (B) નદી (C) કાન (D) રાજા

૨૬૧. 'ત્રીજી વાટ <u>**શોણિતની**</u> સરિતે' પંક્તિમાંના અધોરેખિત પદનો અર્થ જણાવો ?

(A) રસ્તો (B) દૂધ (C) પાણી **(D) લોહી**

૨૬૨. બંદીજનોની બિરદાવલિઓ ગાજે ગઢ <u>**મોઝાર**</u> - અધોરેખિત પદનો અર્થ.....?

(A) છેવાડે (B) શરૂઆતમાં **(C) મધ્યમાં** (D) ઉપર

૨૬૩. ઈ.સ. ૧૯૨૮ થી શરૂ થયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક સૌ પ્રથમ કયા કવિને પ્રાપ્ત થયો હતો ?

(A) ન્હાનાલાલ (B) દલપતરામ **(C) ઝવેરચંદ મેઘાણી** (D) નર્મદ

૨૬૪. રવીન્દ્રનાથ ટાગોરનાં કવિ મેઘાણી દ્વારા અનુવાદિત કાવ્યોમાંનો સંગ્રહ એટલે ?

(A) મેઘાણી વંદના (B) રવીન્દ્રવાણી **(C) રવીન્દ્રવીણા** (D) ટાગોર વીણા

માધવ પ્રકાશન

# સમાનાર્થી શબ્દો

ધરણી-ધરતી
રણધ્વજ-યુદ્ધનો વાવટો
દ્વાર-દરવાજો
બિરદાવલિ-યશગાથા
ગઢ-કિલ્લો
ભાત-છાપ
સાજ-શણગાર
ખડ્ગ-તલવાર
શોણિત-લોહી
સરિતા-નદી
ચીર-વસ્ત્ર
સુરગંગા-આકાશગંગા, સ્વર્ગગંગા
યાચના-વિનંતી, પ્રાર્થના
સાદ-અવાજ
ઈન્દ્રધનુ-મેઘધનુષ્ય
બુંદ-ટીપું
સિંધુ-સાગર
કલ્લોલ-મોજું
ભાલ-કપાળ, લલાટ
સંહાર-નાશ
અલૂણ-મીઠા વિનાનું
મેઘ-વાદળ
રંગધનુષ-મેઘધનુષ
કોર-કિનાર
દગ-દૃષ્ટિ, નજર
બોધ-ઉપદેશ
સંગત-સોબત
ઘેલુ-ગાંડું
ગ્રીવા-ડોક
નિજાનંદ-બ્રહ્માનંદ
ઉન્મત્ત-તલ્લીન, મસ્ત
વૈરી-દુશ્મન
ચિત્ત-મન
નિર્મળ-સ્વચ્છ

અમીર-પૈસાદાર
ઉમરાવ-અમીર, શ્રીમંત
અનુચર-સેવક
અવિનય-અસભ્યતા
ભૂપાળ-રાજા
વત્સલ-પ્રેમાળ
સચિવ-મંત્રી
યત્ન-પ્રયત્ન, પ્રયાસ
વૈશ્ય-વેપારી, વણિક
વાણિજ્ય-વેપાર
ઢગ-ઢગલો
નિશ્વાસ-નિસાસો
વિમળ-નિર્મળ
ક્ષુદ્ર-તુચ્છ, પામર
ખિન્ન-દુ:ખી, ગમગીન
ઐક્ય-એકતા
ભીતિ-ભય, ડર
કાલાવાલા-આજીજી
દિલાસો-આશ્વાસન
નૃપતિ-રાજા
શીત-ઠંડું
વ્યજન-પંખો
શૈત્ય-ઠંડક
ઉષ્મા-ગરમી
શીઘ્ર-જલદી
સ્વાન્ત-હૃદય, અંત:કરણ
પલટો-પરિવર્તન
અહિત-અકલ્યાણ, નુકસાન
પ્રીતિ-પ્રેમ
સત્વર-જલદીથી
અભિનય-હાવભાવ
કૈતવ-કપટ
પિછાણ-ઓળખાણ
ચિતા-ચેહ

ભવન-મકાન
તરણિ-સૂર્ય
શેવાળ-લીલ
શ્વેત-સફેદ
હેત-પ્રેમ
વક્રતા-છળકપટ
પુરુષત્વ-મર્દાનગી
પાષાણ-પથ્થર
શીલ-ચારિત્ર્ય
કુંજર-હાથી
બડભાગી-નસીબદાર
ખમીર-જોશ, તાકાત
કોશ-ભંડાર
ચિતારો-ચિત્રકાર
દંગ-આશ્ચર્યચકિત
સાફો-ફેંટો
શૈશવ-બાળપણ
કચેરી-અદાલત
કાજી-ન્યાયાધીશ
ઢોંગ-દંભ, ડોળ, આડંબર
ભવ-સંસાર
શાહુકારી-શરાફત, ઈજ્જત, આબરૂ
નાણાવટી-શરાફ, આસામી
ધુતારો-ધૂર્ત, ઠગ
આકરો-કઠોર,અસાધ્ય
સદૈવ-હંમેશાં
બેઅદમી-અવિવેક, અસભ્યતા
વૃથા-નકામું
શાલ-શાલિ, ચોખા
દ્રાક્ષા-દ્રાક્ષ
મિષ્ટાન્ન-મીઠાઈ
મિષ્ટ-મીઠું
અઘરાણી-સીમંત
લવારો-બકવાસ
શ્વાન-કૂતરો

માધવ પ્રકાશન

સંત્રી-પહેરેગીર
નડતર-હરકત, વાંધો
મુક્તિ-સ્વાતંત્ર્ય
ગુનેગાર-અપરાધી
સહાનુભૂતિ-સમભાવ
મુરબ્બી-વડીલ
અંગત-વ્યક્તિગત, ખાનગી
અહેવાલ-સમાચાર, માહિતી
ઘોષણા-જાહેરાત
પ્રતિકાર-વિરોધ
આદેશ-આજ્ઞા, હુકમ
ઉસ્તાદ-કાબેલ, પ્રવીણ, કુશળ
ભેજું-મગજ
નામર્દ-કાયર
હુજ્જત-હઠ
જોખમ-સાહસ
મામૂલી-ગૌણ
નમણી-નાજુક
સતેજ-જાગ્રત, ઉત્સાહી
છાપ-નિશાની
સંભવિત-શક્ય
આવેગ-આવેશ, ઉતાવળ
વિમુખ-વિરુદ્ધ
આર્જવ-મૃદુતા, કોમળતા
રાજદ્વારી-રાજકીય
હથિયાર-શસ્ત્ર
નાહક-નકામું
રુક્ષ-કઠોર
અજાયબી-નવાઈ
ગભરામણ-મૂંઝવણ
અગમ્ય-ગૂઢ
વાગ્યુદ્ધ-બોલાચાલી
કૃતાર્થ-ધન્ય
તસ્દી-તકલીફ
સહેલ-સરળ
સંધિ-સુલેહ
અલ્પતા-તુચ્છતા

વિગ્રહ-યુદ્ધ
વાચા-વાણી
નિશ્ચિય-સ્થિર
જાજ્વલ્યમાન-તેજસ્વી
ઉમળકો-ઉમંગ
નિશ્ચયાત્મક-ચોક્કસ
શાસન-સત્તા, અધિકાર
રાચરચીલું-ઘરવખરી
અરસો-મુદ્દત
દરગુજર-માફી, ક્ષમા
અલાયદો-જુદો, અલગ
અણસારો-ઈશારો
બબરચી-રસોઈયો
અડચણ-મુશ્કેલી, તકલીફ
ફિકર-ચિંતા
આસાએશ-રાહત
શરીફ-ખાનદાન
ઈજાજત-પરવાનગી, રજા
વાંસો-પીઠ, બરડો
વિકરાળ-ભયાનક, બિહામણું
સંતલસ-મસલત
કપરું-કઠિન, મુશ્કેલી
તારાજ-નાશ
ગભરું-ભોળું
દસકત-સહી
વાડીવજીફો-જાગીર, ખેતર
ફના-નષ્ટ
તિત્તરબિત્તર-વેરવિખેર
મુદ્રા-છાપ, વીંટી, અંગૂઠી
આલમ-દુનિયા
મશહૂર-પ્રખ્યાત
શેહ-પ્રભાવ, ધાક
તાજુબી-નવાઈ
મિજબાની-ઉજાણી
હલક-કંઠ, સૂર
ટાપટીપ-ભભકો, શણગાર
પ્રામાણિકતા-ઈમાનદારી, નેકી

વણ-વિના, વગર
જોમ-જુસ્સો
વિટંબણા-દુ:ખ, મુશ્કેલી
ગ્લાનિ-દુ:ખ, વ્યથા
ભલમનસાઈ-ભલાઈ, સજ્જનતા
ચિહ્ન-નિશાન
સફાળો-એકાએક
પુર-નગર
મોલ-પાક, ફસલ
ધારાધોરણ-નીતિનિયમ
સ્વાધીનતા-સ્વતંત્રતા, આઝાદી
ખપ-જરૂર
બંધુત્વ-દોસ્તી,મૈત્રી,ભાઈબંધી
હતવીર્ય-શક્તિહીન
ધ્યેય-લક્ષ્ય
શાશ્વત-સનાતન, કાયમી
પરંપરા-પ્રથા, પ્રણાલી, રિવાજ
વ્યોમ-આકાશ
પ્રતીતિ-ખાતરી
કુતૂહલ-આશ્ચર્ય, વિસ્મય
અટારી-રવેશ, ઝરુખો
ગમગીની-ઉદાસીનતા
અરણ્ય-જંગલ, વન, કાનન
ક્ષુધા-ભૂખ
સોડમ-સુગંધ
સૂર-અવાજ
અજુગતું-અયોગ્ય, અઘટિત
બાહુ-હાથ
રજની-રાત્રિ
સૌરભ-સુગંધ
નિકટ-નજીક,પાસે
પદરજ-ચરણરજ
અક્ષત-ચોખા
દેવલોક-સ્વર્ગ
કૃતજ્ઞતા-આભાર
શિર-મસ્તક, શીશ
દાદ-હક્ક, હિસ્સો

માધવ પ્રકાશન

છણકો-તિરસ્કાર
શુષ્ક-નીરસ
રમમાણ-તલ્લીન
મુફલિસ-ગરીબ
શલ્ય-કાંટો, કંટક
સ્નિગ્ધ-કોમળ
કૌમુદી-ચાંદની
ગુલતાન-તલ્લીન, મશગૂલ
વિષાદ-દુ:ખ
તકેદારી-સાવચેતી
વાદ્ય-વાજિંત્ર
મરવો-ડમરો
પારાવાર-અતિશય
અતીત-ભૂતકાળ
વલોપાત-આક્રંદ, કલ્પાંત
ગોપિત-ગુપ્ત, ખાનગી
દેહવિલય-મૃત્યુ
વિલક્ષણ-વિશિષ્ટ
પરાકાષ્ઠા-હદ
દ્વિગુણિત-બમણું
અકળામણ-મૂંઝવણ
સ્ફૂર્તિ-તાજગી
વાવંટોળ-વાવાઝોડું
સરદારી-આગેવાની
ઉપાલંભ-ઠપકો
મીજાન-માપ
વિહ્વલતા-વ્યાકુળતા
મથામણ-માથાકૂટ, લમણાઝીંક
ઉપહાસ-મશ્કરી
દ્વેષ-ઈર્ષા
શારદા-સરસ્વતી
પણછ-પ્રત્યંચા; જીવા
નિશદિન-રાતદિવસ
સનેપાત-અજંપો, મૂંઝારો
સહેલ-સફર
પાકટ-પ્રૌઢ
તજ્જ્ઞ-વિદ્વાન

મહિષ-પાડો
કુળ-વંશ
કર્દમ-કાદવ
તૃપ્તિ-સંતોષ
પંક-કાદવ
પંકજ-કમળ
વાસુદેવ-શ્રીકૃષ્ણ
પ્રભાત-સવાર
સ્મૃતિ-યાદ, સ્મરણ
દર્પણ-અરીસો
સીમા-હદ
સુનિશ્ચિત-નક્કી
ભાજન-પાત્ર
કેડી-પગદંડી
અવ્વલ-મુખ્ય, પહેલું
વટ-રોફ
અટલ-અડગ
પક્ષપાત-તરફેણ, તરફદારી
સંકલ્પ-ઈચ્છા, નિર્ધાર, નિશ્ચય
વાસના-કામના, ઈચ્છા
પામર-તુચ્છ
બેવકૂફ-મૂર્ખ
ઉમદા-સારું
કર્કશ-આકરું, કઠોર
બાધ-મનાઈ, પ્રતિબંધ
ધતિંગ-ઢોંગ, આડંબર
ગાફેલ-બેદરકાર
બાવરું-વ્યાકુળ
તાબડતોબ-તરત
કલિકાલ-કળિયુગ
મોસમ-ઋતુ
ખુશનુમા-આહ્લાદક,આનંદદાયક
સફર-પ્રવાસ
પહેચાન-ઓળખાણ
રળિયામણું-સુંદર
સહયોગ-સાથ
રોનક-તેજ, ભપકો
વિખૂટું-જુદું, છેટું

મલકાટ-સ્મિત
સિફતથી-ચતુરાઈથી
સોબત-સાથ
પરિવેશ-વાતાવરણ, માહોલ
અતિથિ-મહેમાન
સમાપન-સમાપ્તિ
ઉભય-બંને
સાહજિક-સ્વાભાવિક
હાનિકારક-નુકસાનકારક
સધિયારો-આશ્વાસન, ખાતરી
અનાવિલ-નિર્દોષ
બિછાત-પથારી
નિસર્ગ-કુદરત
હરિત-લીલુંછમ
આવિષ્કાર-પ્રકાશન
સંવિત-ચૈતન્ય, જ્ઞાન
આલંબન-આધાર
રાની-જંગલી, વન્ય
ગણના-ગણતરી
અમીરાત-સમૃદ્ધિ, વૈભવ
નવનીત-માખણ, સારાંશ
લહેણું-ઋણ
કલહ-ઝઘડો
ભવ-સંસાર
વિવાદ-ચર્ચા
કારાવાસ-જેલ
વિરલ-દુર્લભ
છાલક-છોળ
સંવર્ધન-ઉછેર
યશ-કીર્તિ
ઉદ્વેગ-વ્યાકુળતા
કૃપણતા-કંજૂસાઈ
સુહૃદ-મિત્ર
નશ્વર-નાશવંત
પ્રતિસાદ-પ્રત્યુત્તર, પ્રતિભાવ
ચિરંતન-શાશ્વત
ત્વરા-ઉતાવળ

માધવ મંડળ શાળા

કૃપાલ-કૃપાળુ, દયાળુ
ધારણા-અનુમાન
અજાર-માંદુ, બીમાર
હિમ-બરફ
અજંપો-બેચેની
વાન-વર્ણ, રંગ
ઔપચારિક્તા-વિવેક
ખુદા-ભગવાન
હિચકાટ-ખચકાટ
સરવાણી-ઝરણું
અહંકાર-અભિમાન
લિજ્જત-લહેજત
દુઆ-આશીર્વાદ
ભીંસ-તંગી
તુલના-સરખામણી
રોશની-પ્રકાશ
આબેહૂબ-તાદૃશ
પ્રતીતિ-ખાતરી
આચરણ-વ્યવહાર
ઊજળું-સફેદ, સ્વચ્છ
નાલાયક-અયોગ્ય
ત્રેવડ-તજવીજ, ગોઠવણ, ગજું
ચિંતિત-ચિંતાતુર
આદિ-વગેરે
તાત્પર્ય-હેતુ
કળ-ચાવી, ચાંપ
કૂંચી-ચાવી
કલ્યાણ-શ્રેય, કુશળ
સંદેહ-શંકા
કાપણી-લણણી
બાહુ-હાથ
મુકુટ-તાજ, મુગટ
જજ-ન્યાયાધીશ
ધૈર્ય-ધીરજ
દ્રવ્ય-ધન
ચીવટ-કાળજી
ઉદ્યોગ-મહેનત, પ્રવૃત્તિ

પરપિંડન-પારકો દેહ
ખારવો-ખલાસી
ન્યાયસભા-અદાલત
વગવસીલું-લાગવગ
નિરંતર-સતત
ચાંદની-ચંદ્રિકા
ચતુર-નિપુણ, દક્ષ
ચારુતા-રમણીયતા, લાવણ્ય
ગમગીન-ખિન્ન, ઉદાસ
કઢંગુ-બેડોળ, કદરૂપું
કાળુ-કૃષ્ણ, શ્યામ
આત્મશ્લાઘા-સ્વપ્રશંસક
આસવ-અર્ક, રસ
ઓસડ-દવા, ઔષધ
કૌશલ-દક્ષતા, પટુતા
ઉન્નતિ-વિકાસ, ચડતી
અલિ-ભમરો, મધુકર
અંગુલિ-આંગળી
ટેકો-આધાર
નિમિત્ત-બહાનું
અગાધ-પુષ્કળ
હૃષીકેશ-શ્રીકૃષ્ણ
પરિશોધ-ચારેબાજુ, શોધખોળ
દારુણ-ભયંકર
વાસન-ઈન્દ્ર
સ્તવન-પ્રાર્થના
વિઘ્ન-મુશ્કેલી
ક્ષુધા-ભૂખ
ભાનુ-સૂર્ય
સ્થાનક-મૂળસ્થાન, જગ્યા
વધામણી-ખુશીના સમાચાર
નવનવી-અવનવી
દીપોત્સવી-દિવાળીનો તહેવાર
વ્રજ-ગોકુળધામ
ગર્વ-અહંકાર
વીરો-ભાઈ
વાંક-ગુનો, અપરાધ
છઠ્ઠીનાલેખ-વિધાતાના લેખ

ધામ-પવિત્ર સ્થાન
અંગારા-સળગતો કોલસો
આકરો-અસહ્ય
ધરા-ધરતી
ઝાળ-ગરમીની જ્વાળા
ઘોષ-મોટો અવાજ
સંઘ-સમુદાય, લોકોનો સમૂહ
ગર્દભ-ગધેડો
કરુણા-અનુકંપા
આશિષ-આશીર્વાદ
નેત્રજળ-આંખનાં આંસુ
અફળ-નિષ્ફળ
ઝાઝું-વધારે
સકલ-બધું, તમામ
બળતરા-પીડા
રીસ-ગુસ્સો
બલ-હિંમત, શક્તિ
રિપુ-દુશ્મન
ફણગો-અંકુર
વિષતરુ-ઝેરી વૃક્ષ
ઉપવન-બગીચો
ઉર-હૃદય
ધ્વસ્ત-નાશ
વિફલ-નિષ્ફળ
મત્ત-ઉન્મત્ત
તર્ક-વિચાર
દયા-કૃપા, મહેર
કોટિ-કરોડ
રોષ-ગુસ્સો
શિશુ-બાળક
સહસા-એકાએક
સ્મિત-હાસ્ય
સુરમ્ય-અત્યંત સુંદર, રમણીય
કાનન-જંગલ
અમી-અમૃત, સુધા
રક્ત-લોહી
પરાગ-ફૂલમાંની રજ

કારુણ્ય-કરુણા
મંગલ-કલ્યાણકારી
વસુંધરા-વસુધા, પૃથ્વી
એકતારો-તંબૂરો
સ્કંધ-ખભો
જન-લોક, તૃણ-ઘાસ
જવર-તાવ
મનુજ-મનુષ્ય
તન-શરીર
ગ્રીષ્મ-ઉનાળો
તુષ્ટિ-સંતોષ
ઈન્દ્રધામ-સ્વર્ગ
